જી.પી.એફ. ખાતાધારક અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓની વર્ષ : ૨૦૨૪-૨૫ની જી.પી.એફ. સ્લીપો મેળવી લેવા બાબત.

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

જા.નં. : આ.કૃ.યુ./ હિનિ / જી.પી.એફ / ૩૧૧ /૨૦૨૫

**તા.૧૯-૦૪-૨૦૨૫**

## :: પરિપત્ર ::

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરી ખાતે ફરજ બજાવતાં જી.પી.એફ. ખાતા ધરાવતાં અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓની વર્ષ : ૨૦૨૪-૨૫ ની જી.પી.એફ. સ્લીપો તૈયાર થઈ ગયેલ છે. જેથી ફેબ્રુઆરી-૨૦૨૫ના પગારબીલ મુજબના કર્મચારીઓના તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મચારીઓના એમ્પ્લોય નંબર, જી.પી.એફ. નંબર અને નામની યાદી તૈયાર કરી સંબંધિત યુનિટ અધિકારીશ્રીની સહી-સિક્કા સહિતનો પત્ર રજુ કરી જી.પી.એફ. સ્લીપો **તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં** અત્રેની કચેરીની જી.પી.એફ. શાખામાંથી રૂબરૂમાં મેળવી લેવા જણાવવામાં આવે છે.

વધુમાં જી.પી.એફ ખાતાધારક કર્મચારીઓની જી.પી.એફ. સ્લીપોની બે કોપી અત્રેથી આપવામાં આવશે જે પૈકી એક કોપી આપની કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે તેમજ એક કોપી જે તે અધિકારી / કર્મચારીને આપની કક્ષાએથી વિતરણ કરવાની રહેશે અને વિતરણ કર્યા અંગેનું આ સાથે સામેલ નમુનામાં રજીસ્ટર તૈયાર કરી તેમાં કર્મચારીની સહી મેળવી અત્રેની કચેરીને અવશ્ય મોકલી આપવાનું રહેશે.

**હિસાબ નિયામક**

**સામેલ : સ્લીપ વિતરણ રજીસ્ટરનો નમુનો**

**નકલ રવાના :-**

(૧) તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ, આણંદ તરફ આ પરિપત્ર વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

## વર્ષ : ૨૦૨૪-૨૫ ની જી.પી.એફ. સ્લીપ વિતરણ રજીસ્ટર

| કચેરીનું નામ : | | | યુનિટ નંબર : |
|---|---|---|---|
| **અનુ ક્રમ નં** | **જી.પી.એફ. નંબર** | **કર્મચારીનું નામ** | **કર્મચારીની સહી** |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |